# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૮-A તા.૧૭-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શિક્ષક યોગ્યતા કસોટી(ટેટ-૧ અને ટેટ-૨) સુધારેલ જાહેરનામા બાબત.

સંદર્ભ :- ૧. જાહેરનામા ક્રમાંકઃ રાપબો/ટેટ-૧/૨૦૨૨/૧૨૮૩૪-૧૨૯૧૮ તા.૧૬-૧૨-૨૦૨૨
૨. જાહેરનામા ક્રમાંકઃ રાપબો/ટેટ-૧/૨૦૨૨/૧૨૯૧૯-૧૩૦૦૩ તા.૧૬-૧૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષક યોગ્યતા કસોટી(ટેટ-૧ અને ટેટ-૨) સુધારેલ જાહેરનામું આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં સામેલ છે. જે ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર ૧ અને ૨

તા.૧૭-૧૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

**"શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨ સુધારેલ જાહેરનામું"**

"Teacher Eligibility Test-I (TET-I)-2022 Amendment Notification"

**જાહેરનામા ક્રમાંક:રાપબો /TET-I /૨૦૨૨/** 12834 – 12918 **તા:૧૬/૧૨/૨૦૨૨**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I /૨૦૨૨/૯૫૩૭-૯૬૨૨ થી "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I )-૨૦૨૨" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સદરહું જાહેરનામામાં શિક્ષણ વિભાગના તા.૧૪/૧૨/૨૦૨૨ સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૨૦૧૨/સીં.ફા-૫/ક(ભાગ-૧) અને તા.૧૪/૧૨/૨૦૨૨ સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક ના ઠરાવ ધ્યાને લઈ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

➢ **TET-I પરીક્ષામાં EWS કેટેગરી સમાવેશ કરવા બાબત:**

1. શિક્ષણ વિભાગના ઉપરોક્ત ઠરાવ અંતર્ગત હવે આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section-EWS) કેટેગરી ઉમેરવામાં આવેલ છે
2. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section-EWS) ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે તેમજ જનરલ કેટેગરીના ઉમેદવારો માટે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 60% (90 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
3. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section-EWS) કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/- (બસો પચાસ પુરા) જ્યારે સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/- (ત્રણસો પચાસ પુરા) ભરવાની રહેશે.
4. જે EWS કેટેગરીના ઉમેદવારોએ અગાઉ TET-I પરીક્ષાના ફોર્મ જનરલ કેટેગરીમાં ભરેલ હોય તેવા ઉમેદવારોએ તા.૨૧/૧૨/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન **http://ojas.gujarat.gov.in** પર જઈ EWS કેટેગરી પસંદ કરવાની અને ફોર્મમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.
5. ઉક્ત વિગતે જે ઉમેદવારો જનલર કેટેગરી માંથી EWS કેટેગરી મુજબનો સુધારો કરશે તેવા ઉમેદવારોને ફોર્મ ભરવાની તારીખ પુર્ણ થયા બાદ જે બેંક એકાઉન્ટમાંથી પરીક્ષા ફી ભરેલ છે તે બેંક એકાઉન્ટમાં તફાવતની રકમ રૂા.૧૦૦/- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રીફન્ડ કરવા કાર્યવાહી કરાશે.

➢ **દિવ્યાંગતાના પ્રકારમાં Spinal Deformity (SD) અને Spinal injury(SI) નો સમાવેશ કરવા બાબત:**

1. શિક્ષણ વિભાગના ઉપરોક્ત ઠરાવ અંતર્ગત હવે દિવ્યાંગતા કેટેગરીમાં Spinal Deformity (SD) અને Spinal injury(SI) કેટેગરી ઉમેરવામાં આવેલ છે.
2. Spinal Deformity (SD) અને Spinal injury(SI) કેટેગરીમાં આવતા ઉમેદવારોએ અગાઉ TET પરીક્ષાના ફોર્મ દિવ્યાંગતા ધ્યાને રાખ્યા વગર ફોર્મ ભરેલ હોય તેવા ઉમેદવારોએ તા.૨૧/૧૨/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન **http://ojas.gujarat.gov.in** પર જઈ ફોર્મમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

3. Spinal Deformity (SD) અને Spinal injury(SI) ઉમેદવારોએ ઉપરોક્ત મુજબનો સુધારો કરશે તેવા ઉમેદવારોને ફોર્મ ભરવાની તારીખ પુર્ણ થયા બાદ જે બેંક એકાઉન્ટમાંથી પરીક્ષા ફી ભરેલ છે તે બેંક એકાઉન્ટમાં તફાવતની રકમ રૂ।.૧૦૦/- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રીફન્ડ કરવા કાર્યવાહી કરાશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:રાપબો/TET-I /૨૦૨૨/૯૫૩૭-૯૬૨૨ની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે.

TET-I પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૧/૧૨/૨૦૨૨ યથાવત છે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૧૬/૧૨/૨૦૨૨

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

**પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી**

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક,

સચિવાલય, ગાંધીનગર

તારીખ:- ૧૪/૧૨/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: EWS/122019/45903/A

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: EWS/122019/45903/A

(૩) શિક્ષણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક- પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(૪) રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્યના  તારીખ ૧૨/૧૧/૨૦૨૨ના પત્રથી મળેલ દરખાસ્ત

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક-(૧) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections - EWS)ની કેટેગરીને ૧૦ ટકા અનામતનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ હતું.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૩) મુજબના ઠરાવથી પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી માટેના નિયમો ઠરાવવામાં આવેલ હતાં. જે ઠરાવના મુદ્દા ક્રમાંક-'૩(ક)'માં 'અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને વિકલાંગ ઉમેદવારોના કિસ્સામાં શિક્ષક યોગ્યતા કસોટી ૫૫ ટકા ગુણ મેળવી ઉત્તિર્ણ કરવાની રહેશે' તેમ ઠરાવવામાં આવેલ. પ્રસ્તુત બાબતે રાજ્ય પરીક્ષા બોર્ડના વંચાણે લીધેલ ક્રમાંક-(૪) મુજબના પત્રથી વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના ઠરાવની જોગવાઇમાં EWS(આર્થિક રીતે નબળા વર્ગો) કેટેગરીને ટકાવારીમાં લાભ આપવા બાબતે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) મુજબ દર્શાવેલ શિક્ષણ વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવની જોગવાઇ ક્રમાંક-'૩(ક)'માં 'આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections - EWS)' કેટેગરીનો સમાવેશ કરવામાં આવે છે.

જેથી ઉક્ત જોગવાઇ ક્રમાંક '૩(ક)'ને નીચે મુજબ વાંચવાની રહેશે:

'અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections - EWS) ઉમેદવારોના કિસ્સામાં શિક્ષક યોગ્યતા કસોટી ૫૫ ટકા ગુણ મેળવી ઉત્તિર્ણ કરવાની રહેશે'

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૩)ના તારીખ તા.૨૭/૦૪/૨૦૧૧ના સમાનાંકી ઠરાવની તથા તેમાં થયેલ વખતો વખતના સુધારા ઠરાવોની અન્ય વિગતો યથાવત રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તારીખ ૧૩/૧૨/૨૦૨૨ની સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (ટપાલ મારફત)
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ-૨૦૨૨
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.-૨૦૨૨

શિક્ષણ વિભાગ હસ્તકના પ્રાથમિક પ્રભાગ હેઠળના વર્ગ-૨ અને ૩ સંવર્ગોમાં નિમણૂંક માટે દિવ્યાંગતાના પ્રકાર નિયત કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૨૦૧૨/સીં.ફા-૫/ક(ભાગ-૧),

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ- ૧૪/૧૨/૨૦૨૨

સંદર્ભ:

(૧) ભારત સરકારના તા-૨૪/૦૮/૨૦૨૨નું જાહેરનામુ ક્ર.: CG-DL-E-29082022-238443

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્ર.: અપગ/૧૧૨૦૨૦/ ૪૭૩૨/છ-૧(પાર્ટ-૬)

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૧૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક- અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ.૧ (પાર્ટફાઇલ-૬)

(૪) શિક્ષણ વિભાગના તા.૧૮/૧/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧૨૦૧૨/સી ફા.૫/ક(પાર્ટ-૧)

(૫) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.ના તારીખ ૧૬/૧૧/૨૦૨૨ના પત્રથી મળેલ રજુઆત

**આમુખઃ**

સંદર્ભ(૧) માં દર્શાવેલા ભારત સરકારના જાહેરનામાથી લોકોમોટર દિવ્યાંગતા અંતર્ગત Spinal Deformity (SD) અને Spinal Injury (SI) નો ઉમેરો કરવાનું પરિપત્રિત કરવામાં આવેલ હતુ. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંદર્ભ (૨)ના પરિપત્રથી કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ /અંગોની નિષ્ક્રિયતા વિના કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity) અને કરોડરજ્જુની ઈજા (Spinal Injury) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓની અલગ અલગ સબ કેટેગરી ઉમેરી દિવ્યાંગતાનો સમાવેશ કરવા જે તે વિભાગના સચિવશ્રીની કક્ષાએ નિર્ણય લઈ સુધારો કરવા જણાવેલ હતું.

ઉક્ત બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંદર્ભ (૩) ના પત્રથી દિવ્યાંગતા અંગેના ઠરાવમાં સુધારો કરવા જરૂરી વિચારણા કરી નિર્ણય કરવા જણાવવામાં આવેલ. તેમજ સંદર્ભ (૫) મુજબના રાજ્ય પરીક્ષા બોર્ડના પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે 'દિવ્યાંગતાના પ્રકાર'માં **કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ/અંગોની નિષ્ક્રીયતા વિના** કરોડરજ્જુની વિકૃતિ (Spinal

Deformity,(SD)) અને કરોડરજ્જુની ઈજા (Spinal Injury, (SI)) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓની અલગ સબ કેટેગરીનો સમાવેશ કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૪) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૮/૧/૨૦૨૨ના ઠરાવમાં કોલમ નં. "C" માં sr.no. ૧ થી ૪ માં **કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ /અંગોની નિષ્ક્રિયતા વિના કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity-SD) અને કરોડરજ્જુની ઈજા (Spinal Injury-SI) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓની અલગ અલગ સબ કેટેગરી ઉમેરી SD અને SI દિવ્યાંગતાનો નીચે મુજબ સમાવેશ કરવામાં આવે છે.**

| Sr.No. | Name of the post | Category of Disability | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | 3. | | | |
| | | A | B | C | D & E |
| ૧ | વિદ્યાસહાયક / પ્રાથમિક શિક્ષક વર્ગ-3 | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) |
| ૨ | મુખ્ય શિક્ષક, વર્ગ-3 | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) |
| 3 | મદદનીશ કેળવણી નિરીક્ષક, વર્ગ-3 | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) SLD |
| ૪ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, વર્ગ-૨ (રાજ્યપત્રિત) | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) SLD |

**Code and Functional Classification**: Blind (B), Low Vision (LV) (40-70%), [Hard of Hearing (HH) (40-70%)], [Locomotor Disability (LD) :- OA(One Arm), OL (One Leg), BL (Both Legs), OAL (One Arm One Leg), LC (Leprosy cured), CP (Cerebral palsy), Dw (Dwarfism), AAV (Acid attack victim), MI (Mental illness), SD (Spinal Deformity), SI (Spinal Injury ).

[MD s (Multiple Disabilitie) :-Disabilities included in group (A) to (D)) (40-70%)]

આ વિભાગના વંચાણે લીધેલ ક્ર.-(૪)ના તારીખ ૧૮/૦૧/૨૦૨૨ના સમાનાંકી ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

આ હૂકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તારીખ ૧૨/૧૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૧, ૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (ટપાલ મારફત)
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓના, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ -૨૦૨૨
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ. - ૨૦૨૨

# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

"શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨ સુધારેલ જાહેરનામું"

"Teacher Eligibility Test-II (TET-II)-2022 Amendment Notification"

જાહેરનામા ક્રમાંક:રાપબો /TET-II /૨૦૨૨/12919-13003 તા:૧૬/૧૨/૨૦૨૨

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ થી "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સદરહું જાહેરનામામાં શિક્ષણ વિભાગના તા.૧૪/૧૨/૨૦૨૨ સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૨૦૧૨/સીં.ફા-૫/ક(ભાગ-૧) અને તા.૧૪/૧૨/૨૦૨૨ સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક ના ઠરાવ ધ્યાને લઈ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

➢ **TET-II પરીક્ષામાં EWS કેટેગરી સમાવેશ કરવા બાબત:**

1. શિક્ષણ વિભાગના ઉપરોક્ત ઠરાવ અંતર્ગત હવે આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section-EWS) કેટેગરી ઉમેરવામાં આવેલ છે
2. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section-EWS) ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે તેમજ જનરલ કેટેગરીના ઉમેદવારો માટે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 60% (90 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
3. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section-EWS) કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/- (બસો પચાસ પુરા) જ્યારે સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/- (ત્રણસો પચાસ પુરા) ભરવાની રહેશે.
4. જે EWS કેટેગરીના ઉમેદવારોએ અગાઉ TET-II પરીક્ષાના ફોર્મ જનરલ કેટેગરીમાં ભરેલ હોય તેવા ઉમેદવારોએ તા.૨૧/૧૨/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન **http://ojas.gujarat.gov.in** પર જઈ EWS કેટેગરી પસંદ કરવાની અને ફોર્મમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.
5. ઉક્ત વિગતે જે ઉમેદવારો જનલર કેટેગરી માંથી EWS કેટેગરી મુજબનો સુધારો કરશે તેવા ઉમેદવારોને ફોર્મ ભરવાની તારીખ પુર્ણ થયા બાદ જે બેંક એકાઉન્ટમાંથી પરીક્ષા ફી ભરેલ છે તે બેંક એકાઉન્ટમાં તફાવતની રકમ રૂા.૧૦૦/- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રીફન્ડ કરવા કાર્યવાહી કરાશે.

➢ **દિવ્યાંગતાના પ્રકારમાં Spinal Deformity (SD) અને Spinal injury(SI) નો સમાવેશ કરવા બાબત:**

1. શિક્ષણ વિભાગના ઉપરોક્ત ઠરાવ અંતર્ગત હવે દિવ્યાંગતા કેટેગરીમાં Spinal Deformity (SD) અને Spinal injury(SI) કેટેગરી ઉમેરવામાં આવેલ છે.
2. Spinal Deformity (SD) અને Spinal injury(SI) કેટેગરીમાં આવતા ઉમેદવારોએ અગાઉ TET પરીક્ષાના ફોર્મ દિવ્યાંગતા ધ્યાને રાખ્યા વગર ફોર્મ ભરેલ હોય તેવા ઉમેદવારોએ તા.૨૧/૧૨/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન **http://ojas.gujarat.gov.in** પર જઈ ફોર્મમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

3. Spinal Deformity (SD) અને Spinal injury(SI) ઉમેદવારોએ ઉપરોક્ત મુજબનો સુધારો કરશે તેવા ઉમેદવારોને ફોર્મ ભરવાની તારીખ પુર્ણ થયા બાદ જે બેંક એકાઉન્ટમાંથી પરીક્ષા ફી ભરેલ છે તે બેંક એકાઉન્ટમાં તફાવતની રકમ રૂ।.૧૦૦/- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રીફન્ડ કરવા કાર્યવાહી કરાશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં દર્શાવેલ લઘુત્તમ લાયકાતની ટકાવારીમાં SC, ST, SEBC, EWS અને શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોને ૫ % ની છુટ મળવાપાત્ર થશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:રાપબો/TET-II /૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે.

TET-II પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૧/૧૨/૨૦૨૨ યથાવત છે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૧૬/૧૨/૨૦૨૨

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

**પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી**

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક,

સચિવાલય, ગાંધીનગર

તારીખ:- ૧૪/૧૨/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: EWS/122019/45903/A

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: EWS/122019/45903/A

(૩) શિક્ષણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક- પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(૪) રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્યના તારીખ ૧૨/૧૧/૨૦૨૨ના પત્રથી મળેલ દરખાસ્ત

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક-(૧) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections - EWS)ની કેટેગરીને ૧૦ ટકા અનામતનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ હતું.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૩) મુજબના ઠરાવથી પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી માટેના નિયમો ઠરાવવામાં આવેલ હતાં. જે ઠરાવના મુદ્દા ક્રમાંક-'૩(ક)'માં 'અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને વિકલાંગ ઉમેદવારોના કિસ્સામાં શિક્ષક યોગ્યતા કસોટી ૫૫ ટકા ગુણ મેળવી ઉત્તિર્ણ કરવાની રહેશે' તેમ ઠરાવવામાં આવેલ. પ્રસ્તુત બાબતે રાજ્ય પરીક્ષા બોર્ડના વંચાણે લીધેલ ક્રમાંક-(૪) મુજબના પત્રથી વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના ઠરાવની જોગવાઇમાં EWS(આર્થિક રીતે નબળા વર્ગો) કેટેગરીને ટકાવારીમાં લાભ આપવા બાબતે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ</u>:**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) મુજબ દર્શાવેલ શિક્ષણ વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવની જોગવાઇ ક્રમાંક-'૩(ક)'માં 'આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections - EWS)' કેટેગરીનો સમાવેશ કરવામાં આવે છે.

જેથી ઉક્ત જોગવાઇ ક્રમાંક '૩(ક)'ને નીચે મુજબ વાંચવાની રહેશે:

'અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections - EWS) ઉમેદવારોના કિસ્સામાં શિક્ષક યોગ્યતા કસોટી ૫૫ ટકા ગુણ મેળવી ઉત્તિર્ણ કરવાની રહેશે'

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૩)ના તારીખ તા.૨૭/૦૪/૨૦૧૧ના સમાનાંકી ઠરાવની તથા તેમાં થયેલ વખતો વખતના સુધારા ઠરાવોની અન્ય વિગતો યથાવત રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તારીખ ૧૩/૧૨/૨૦૨૨ની સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (ટપાલ મારફત)
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ-૨૦૨૨
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.-૨૦૨૨

શિક્ષણ વિભાગ હસ્તકના પ્રાથમિક પ્રભાગ હેઠળના વર્ગ-૨ અને ૩ સંવર્ગોમાં નિમણૂંક માટે દિવ્યાંગતાના પ્રકાર નિયત કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૨૦૧૨/સીં.ફા-૫/ક(ભાગ-૧),

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ- ૧૪/૧૨/૨૦૨૨

સંદર્ભ:

(૧) ભારત સરકારના તા-૨૪/૦૮/૨૦૨૨નું જાહેરનામુ ક્ર.: CG-DL-E-29082022-238443

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્ર.: અપગ/૧૧૨૦૨૦/ ૪૭૩૨/છ-૧(પાર્ટ-૬)

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૧૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક-અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ.૧ (પાર્ટફાઇલ-૬)

(૪) શિક્ષણ વિભાગના તા.૧૮/૧/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧૨૦૧૨/સી ફા.૫/ક(પાર્ટ-૧)

(૫) રાજય પરીક્ષા બોર્ડ, ગુ.રા.ના  તારીખ ૧૬/૧૧/૨૦૨૨ના પત્રથી મળેલ રજુઆત

**આમુખઃ**

સંદર્ભ(૧) માં દર્શાવેલા ભારત સરકારના જાહેરનામાથી લોકોમોટર દિવ્યાંગતા અંતર્ગત Spinal Deformity (SD) અને Spinal Injury (SI) નો ઉમેરો કરવાનું પરિપત્રિત કરવામાં આવેલ હતુ. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંદર્ભ (૨)ના પરિપત્રથી કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ /અંગોની નિષ્ક્રિયતા વિના કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity) અને કરોડરજ્જુની ઈજા (Spinal Injury) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓની અલગ અલગ સબ કેટેગરી ઉમેરી  દિવ્યાંગતાનો સમાવેશ કરવા જે તે વિભાગના સચિવશ્રીની કક્ષાએ નિર્ણય લઈ સુધારો કરવા જણાવેલ હતું.

ઉક્ત બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંદર્ભ (૩) ના પત્રથી દિવ્યાંગતા અંગેના ઠરાવમાં સુધારો કરવા જરૂરી વિચારણા કરી નિર્ણય કરવા જણાવવામાં આવેલ. તેમજ સંદર્ભ (૫) મુજબના રાજ્ય પરીક્ષા બોર્ડના પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે 'દિવ્યાંગતાના પ્રકાર'માં **કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ/અંગોની નિષ્ક્રીયતા વિના** કરોડરજ્જુની વિકૃતિ (Spinal

Deformity,(SD)) અને કરોડરજ્જુની ઈજા (Spinal Injury, (SI)) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓની અલગ સબ કેટેગરીનો સમાવેશ કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૪) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૮/૧/૨૦૨૨ના ઠરાવમાં કોલમ નં. "C" માં sr.no. ૧ થી ૪ માં **કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીકલ /અંગોની નિષ્ક્રિયતા વિના કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity-SD) અને કરોડરજ્જુની ઈજા (Spinal Injury-SI) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓની અલગ અલગ સબ કેટેગરી ઉમેરી SD અને SI દિવ્યાંગતાનો નીચે મુજબ સમાવેશ કરવામાં આવે છે.**

| Sr.No. | Name of the post | Category of Disability | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | | | |
| | | A | B | C | D & E |
| ૧ | વિદ્યાસહાયક / પ્રાથમિક શિક્ષક વર્ગ-3 | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) |
| ૨ | મુખ્ય શિક્ષક, વર્ગ-3 | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) |
| 3 | મદદનીશ કેળવણી નિરીક્ષક, વર્ગ-3 | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) SLD |
| ૪ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, વર્ગ-૨ (રાજ્યપત્રિત) | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, **SD, SI** | MI (40-70%) MD (40-70%) SLD |

**Code and Functional Classification**: Blind (B), Low Vision (LV) (40-70%), [Hard of Hearing (HH) (40-70%)], [Locomotor Disability (LD) :- OA(One Arm), OL (One Leg), BL (Both Legs), OAL (One Arm One Leg), LC (Leprosy cured), CP (Cerebral palsy), Dw (Dwarfism), AAV (Acid attack victim), MI (Mental illness), SD (Spinal Deformity), SI (Spinal Injury ).

[MD s (Multiple Disabilitie) :-Disabilities included in group (A) to (D)) (40-70%)]

આ વિભાગના વંચાણે લીધેલ ક્ર.-(૪)ના તારીખ ૧૮/૦૧/૨૦૨૨ના સમાનાંકી ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

આ હૂકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તારીખ ૧૨/૧૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૧, ૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (ટપાલ મારફત)
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓના, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ -૨૦૨૨
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ. - ૨૦૨૨